# PSLમાં સામેલ વિદેશી ખેલાડીઓને સશસ્ત્ર જૂથની ધમકી

**જમાત-ઉલ-અહરારે** જાહેર નિવેદન બહાર પાડી કહ્યું, વિદેશી બોર્ડ તેમના ખેલાડીઓને પાકિસ્તાન ન મોકલે

**વિદેશી** ખેલાડી PSL રમવા માટે પાકિસ્તાન આવશે તો તેમની સલામતીની ખાતરી નથી, તેથી તેઓ ખસી જાય

કરાચી, તા. 24 : આગામી 26 માર્ચથી શરૂ થનારી પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ) ગલ્ફ વોર વચ્ચે પેટ્રોલ જેવા સંસાધનોને બચાવવા માટે તે ફક્ત બે સ્થળોએ બંધ બારણે અર્થાત પ્રેક્ષકોની ગેરહાજરીમાં રમાશે એવી રવિવારે પાકિસ્તાન ક્રિકેટ ચીફ મોહસીન નકવીએ જાહેરાત કર્યા પછી હવે પાકિસ્તાનના વિપક્ષી સશસ્ત્ર જૂથ દ્વારા આ લીગ રમવા માટે આવનારા વિદેશી ખેલાડીઓને ધમકી આપી તેમાંથી ખસી જવાની ચેતવણી આપતા નવો જ મુદ્દો ઊભો થયો છે. પાકિસ્તાનના વિપક્ષી સશસ્ત્ર જૂથ, જમાત-ઉલ-અહરારે એક જાહેર નિવેદન બહાર પાડીને ઓસ્ટ્રેલિયન ખેલાડીઓ ડેવિડ વોર્નર, સ્ટીવ સ્મિથ, ન્યૂઝીલેન્ડના ડેરિલ મિચેલ સહિતના વિદેશી ખેલાડીઓને ધમકી આપવામાં આવી છે કે તેઓ ટુર્નામેન્ટમાંથી ખસી જવા અથવા ગંભીર પરિણામોનો સામનો કરવો પડશે. તેમણે જણાવ્યું હતું કે જો ખેલાડીઓ ટી-20 લીગમાં રમવા માટે પાકિસ્તાન જશે તો તેમની સલામતીની ખાતરી આપવામાં આવશે નહીં.

તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (ટીટીપી) જૂથ જમાત-ઉલ-અહરારના એક વરિષ્ઠ કમાન્ડરે સન્ડે ગાર્ડિયનને જણાવ્યું હતું કે, અમે ક્રિકેટ બોર્ડને સલાહ આપવા માંગીએ છીએ કે તેઓ તેમના ખેલાડીઓને પાકિસ્તાન ન મોકલે. જો તેમને કંઈ થશે તો અમે જવાબદાર રહીશું નહીં.

અમે પહેલાથી જ ચેતવણી આપી દીધી છે. આ સંબંધે પાકિસ્તાનના ક્રિકેટ અધિકારીઓએ કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપી નથી.


TAHREEK-E-TALIBAN PAKISTAN JAMAAT-UL-AHRAR

تحریک طالبان پاکستان جماعت الاحرار

22 March 2026
04 Shawwal 1447 AH
24

**Celebrations have no soul amidst the ruins of a suffering nation.**


Today, the people of Pakistan, specifically those in Khyber Pakhtunkhwa and Balochistan are enduring unprecedented hardships due to systemic military oppression and state-led violence. While our streets are marked by the funerals of our loved ones and our mothers mourn the disappearance of their sons, the organized spectacle of the Pakistan Super League (PSL) serves as a cruel mockery of our suffering. Hosting such festive displays while entire regions bleed is an act of "rubbing salt into our wounds" that we categorically reject.

We wish to convey a clear and urgent message to all participants of the PSL, especially the foreign players: The current internal security and political landscape of the country is volatile and precarious. In a climate where military operations and civil unrest dominate significant portions of the territory, the safety of international athletes cannot be guaranteed. Given these dire circumstances, we strongly advise you to prioritize your personal security and withdraw from the tournament immediately. The environment is currently unfit for any peaceful sporting activity.

While we are not inherently opposed to healthy sporting activities, we refuse to tolerate the state's hypocrisy. It is unacceptable to promote an image of "normalcy" through cricket matches in one part of the country while state-sponsored atrocities continue unabated in another. We will not allow the blood of the oppressed to be overshadowed by the lights of a stadium, nor will we permit the dignity of our people to be compromised for the sake of political optics.

Asad Mansoor
Spokesperson: Tehrik-e-Taliban Pakistan (Jamaat-ul-Ahrar)





## બંધ બારણે યોજાનારી PSLને ચાહકોએ 'પેટ્રોલ શોર્ટેજ લીગ' તરીકે ટ્રોલ કરી

નવી દિલ્હી, તા. 23 : પાકિસ્તાન સુપર લીગ માટે મેનેજમેન્ટ દ્વારા તેની વ્યવસ્થાઓ પર કડક પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લેવામાં આવ્યા બાદ ક્રિકેટ ચાહકોનો એક વર્ગ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડને ભારે ટ્રોલ કરી રહ્યો છે. પીસીબીએ રવિવાર, 22 માર્ચે ચાલુ તેલ સંકટ વચ્ચે આ વર્ષની સ્પર્ધાને છ સ્થળોથી ઘટાડીને બે સ્થળોએ કરાવવાનો નિર્ણય લીધો. ક્રિકેટ ચાહકોના એક વર્ગને આ પરિસ્થિતિ હાસ્યાસ્પદ લાગી અને તેમણે સોશિયલ મીડિયા પર પીએસએલને 'પેટ્રોલ શોર્ટેજ લીગ' તરીકે ઓળખાવીને ટુર્નામેન્ટનો મોટાપાયેથી નાના પાયે લઇ જવા બાબતે મજાક ઉડાવી હતી.

## બાંગ્લાદેશી ખેલાડીઓને પીએસએલમાં રમવા માટે સરકાર તરફથી લીલી ઝંડી મળી

બાંગ્લાદેશી ખેલાડીઓને પાકિસ્તાન સુપર લીગ (PSL) 2026 માં ભાગ લેવા માટે NOC મળી ગયા છે. બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB) એ અગાઉ જણાવ્યું હતું કે ખેલાડીઓ માટે PSL માં ભાગ લેવા માટે સરકારી મંજૂરી ફરજિયાત છે. BCB નું આ નિવેદન ખેલાડીઓની સલામતીને ધ્યાનમાં રાખીને આવ્યું છે. બાંગ્લાદેશના યુવા અને રમતગમત રાજ્યમંત્રી, અમીનુલ હકે, રવિવારે જણાવ્યું હતું કે જો કોઈ સુરક્ષા ચિંતા હોત, તો ખેલાડીઓ PSL માં ભાગ લેશે નહીં. આ જાહેરાતના થોડા કલાકો પછી, ચાર બાંગ્લાદેશી ક્રિકેટરો પાકિસ્તાન જવા રવાના થયા, જેને તેમના પોતાના જોખમે મુસાફરી માનવામાં આવી. પીએસએલ માટે પાકિસ્તાન પ્રવાસ કરતા ક્રિકેટરો અંગેની પરિસ્થિતિ સ્પષ્ટ કરતા, એક ટોચના સરકારી અધિકારીએ જણાવ્યું હતું કે, અમે વિદેશ મંત્રાલય સાથે પાકિસ્તાનની પરિસ્થિતિ અંગે ચર્ચા કરી હતી, અને ત્યારબાદ તેમણે ઇસ્લામાબાદમાં અમારા હાઇ કમિશનનો સંપર્ક કર્યો હતો. ત્યાંથી સુરક્ષાની ખાતરી મળ્યા પછી, અમે ક્રિકેટરોને પીએસએલમાં રમવાની મંજૂરી આપી હતી.

## કરાર ભંગ અને પગાર વધારાની થયેલી માગથી PSLની મુશ્કેલી વધી

**પીએસએલમાંથી** નામ પાછુ લેનારાઓ પર બેથી ચાર વર્ષનો પ્રતિબંધ લાદવાની ચર્ચા થઇ

કરાચી, તા. 23 (પીટીઆઇ) : કરાર પર હસ્તાક્ષર કરવા છતાં વિદેશી ખેલાડીઓએ નામ પાછા ખેંચી લેવાથી બે નવી ટીમો સાથે પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ)નું આયોજન પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) માટે લોજિસ્ટિક્સ અને કરાર સંબંધિત સમસ્યાઓથી મુશ્કેલીમાં મુકાયું છે. વધુ નફાકારક ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ) માંથી કરાર મેળવ્યા પછી વિદેશી ખેલાડીઓ પીએસએલ છોડી રહ્યા છે. બે નવી ફ્રેન્ચાઇઝી સાથે વિસ્તૃત બનેલી પીએસએલ આઇપીએલથી બે દિવસ વહેલી ગુરુવારે લાહોરમાં શરૂ થવાની છે. એક વિશ્વસનીય સૂત્રના જણાવ્યા અનુસાર, PCB માત્ર ખેલાડીઓ દ્વારા કરારના ભંગનો સામનો કરી રહ્યું નથી, પરંતુ પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને કારણે ઊભા થયેલા સંજોગોને કારણે કેટલાક ખેલાડીઓ દ્વારા છેલ્લી ઘડીની ફી વધારાની માગણીઓથી પણ પરેશાન છે. સૂત્રએ જણાવ્યું કે પીસીબી હાલમાં પીએસએલના સમયપત્રક મુજબ આયોજન પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે અને હજુ સુધી પાછી ખેંચી લેનારા વિદેશી ખેલાડીઓ સામે કોઈ કાર્યવાહી કરવાનો નિર્ણય લીધો નથી. જે ખેલાડીઓએ પોતાના નામ પાછા ખેંચી લીધા છે તેમના પર બે થી ચાર વર્ષનો પ્રતિબંધ લાદવા અંગે આંતરિક ચર્ચાઓ થઈ છે, પરંતુ ચિંતા એ છે કે આવા પગલાં ભવિષ્યમાં ટોચની વિદેશી પ્રતિભાઓને પીએસએલ ફ્રેન્ચાઇઝીઓ સાથે કરાર કરતા રોકી શકે છે.

## ચેતવણીને અવગણીને સ્મિથ લાહોર પહોંચ્યો

પાકિસ્તાન સુપર લીગ 2026 પહેલા ચાલી રહેલા સુરક્ષા તણાવ વચ્ચે સ્ટીવ સ્મિથ સોમવારે વહેલી સવારે લાહોર પહોંચ્યો. વિદેશી ખેલાડીઓને ધમકીઓ હોવા છતાં, સ્મિથનું પાકિસ્તાન આગમન ચર્ચાનો વિષય બન્યું છે. સોશિયલ મીડિયા પર ફરતા થયેલા એક વીડિયોમાં સ્મિથ ભારે સુરક્ષા વચ્ચે એરપોર્ટ છોડીને જતા જોવા મળ્યો હતો. ધ સન્ડે ગાર્ડિયનના મતે, ધમકીઓ છતાં સ્મિથ લાહોર પહોંચ્યો. તેની આસપાસ પોલીસ અને સુરક્ષા કર્મચારીઓની હાજરી સ્પષ્ટપણે વધેલી સતર્કતા દર્શાવે છે.

## વિદેશી ખેલાડીઓની ભાગીદારી પર અસર

આ વખતે, સ્ટીવ સ્મિથ ઉપરાંત, માર્નસ લાબુશેન, એડમ ઝામ્પા, ડેવોન કોનવે અને મોઈન અલી જેવા મોટા નામો પીએસએલમાં સામેલ છે જેમને આઇપીએલ ઓક્શનમાં કોઇ ખરીદદાર મળ્યો નહોતો. જોકે, કેટલાક ખેલાડીઓ પહેલાથી જ ટુર્નામેન્ટમાંથી ખસી ગયા છે. આમાં બ્લેસિંગ મુઝારાબાની અને દાસુન શનાકા IPLમાં રમવા તેમાંથી ખસ્યા છે, જ્યારે અન્યમાં ટાઇમલ મિલ્સ, ગુડાકેશ મોતી, જેક ફ્રેઝર-મેકગર્ક, ઓથનીલ બાર્ટમેન અને સ્પેન્સર જોહ્નસન જેવા ખેલાડીઓએ વ્યક્તિગત કારણોસર તેમાંથી ખસવાનો નિર્ણય કર્યો છે.


મહાત્મા ગાંધી દ્વારા ૧૯૨૦માં સ્થાપિત

(ડીમ્ડ ટુ બી યુનિવર્સિટી)
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ
આશ્રમ માર્ગ, નવરંગપુરા, અમદાવાદ ૩૮૦૦૦૯

પ્રવેશ જાહેરાત ૨૦૨૬

**સ્નાતક (૩ વર્ષ) ધોરણ ૧૨ પછી**
- **બી.એ.** (ઈતિહાસ, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર)
- **બી.કોમ.** (વાણિજ્ય)
- **બી.એસસી.** (માઈક્રોબાયોલોજી)
- **બી.સી.એ.** (કમ્પ્યૂટર વિજ્ઞાન)
- **બી.આર.એસ.** (ગ્રામીણ આયોજન અને વિકાસ)
- **બી.પી.ઈ.એસ.** (શારીરિક શિક્ષણ અને રમતગમત)

**અનુસ્નાતક (૨ વર્ષ) સ્નાતક પછી**
- **એમ.એ.** (ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, અર્થશાસ્ત્ર, ઈતિહાસ, માનવ સંસાધન વ્યવસ્થાપન, સમાજશાસ્ત્ર, ગાંધી અધ્યયન, પત્રકારત્વ અને સમૂહ પ્રત્યાયન)
- **એમ.કોમ.** (વાણિજ્ય)
- **એમ.એસસી.** (માઈક્રોબાયોલોજી, ફૂડ એન્ડ ન્યુટ્રીશન)
- **એમ.એસસી. - IT** (ઇન્ફોર્મેશન ટેકનોલોજી)
- **એમ.સી.એ.** (કમ્પ્યૂટર વિજ્ઞાન)
- **એમ.વાય.એ.એસસી.** (યોગ)
- **એમ.એસ.ડબલ્યુ.** (સમાજકાર્ય)
- **એમ.લીબ.આઈ.એસસી.** (ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાન)
- **એમ.એડ.** (શિક્ષણ)
- **એમ.પી.એડ.** (શારીરિક શિક્ષણ)
- **એમ.બી.એ.** (ગ્રામ વ્યવસ્થાપન)

**અનુસ્નાતક ડિપ્લોમા (૧ વર્ષ) સ્નાતક પછી**
- **પી.જી. ડિપ્લોમા** Generative AI and Prompt Engineering

**સ્નાતકોત્તર (૨ વર્ષ) સ્નાતક પછી**
- **બી.એડ.** (ગુજરાતી માધ્યમ) (ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત, ગણિત, સામાજિક વિજ્ઞાન, વિજ્ઞાન વિષય પદ્ધતિ)
- **બી.એડ.** (હિન્દી માધ્યમ) (ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત, ગણિત, સામાજિક વિજ્ઞાન, વિજ્ઞાન વિષય પદ્ધતિ)
- **બી.પી.એડ.** (શારીરિક શિક્ષણ)

**પીએચ.ડી.**
ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, અર્થશાસ્ત્ર, ઈતિહાસ, સમાજશાસ્ત્ર, ગાંધીવિચાર, સમાજકાર્ય, શિક્ષણશાસ્ત્ર, શારીરિક શિક્ષણ, યોગવિદ્યા, માઈક્રોબાયોલોજી, કમ્પ્યૂટર વિજ્ઞાન, પત્રકારત્વ અને સમૂહ પ્રત્યાયન, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન, ગ્રામ વ્યવસ્થાપન

**અરજી કરવાની છેલ્લી તારીખ**
**૦૮/૦૫/૨૦૨૬**

**પ્રવેશ અંગે વધુ વિગતો માટે**
Scan QR

Email: **admission2026@gujaratvidyapith.org** | Website: **www.gujaratvidyapith.org**

તા. ૨૩/૦૩/૨૦૨૬
ક્રમાંક/સંમાનિ/અમદ/૨૧૬૫/૨૦૨૬
કુલસચિવ



